**અગ્રતા ક્રમાંક : ૮ પ્રશ્ન ક્ર: ૧૫/૪/૫૯૫**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર(લીમખેડા)**

**"દાહોદ જિલ્લામાં કાર્યરત જિલ્લા રમત સંકુલ"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:– શ્રીમતી દર્શનાબેન દેશમુખ, નાંદોદ(ST)**

**પૂરક પ્રશ્ન (૩) :** શિક્ષણ સાથે રમતના સમન્વય ધરાવતી નિવાસ સાથેની કોઇ યોજના છે કે કેમ? જો હોય, તો આ યોજનાનો હેતુ શું છે? આ યોજના અંતર્ગત કયા લાભો આપવામાં આવે છે?

જવાબ:– માન.અધ્યક્ષશ્રી,

હા,

- શિક્ષણ સાથે રમતના સમન્વય ધરાવતી નિવાસી ખેલાડીઓ માટેની યોજના **"જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ"** વર્ષ ૨૦૧૪–૧૫થી શરૂ કરવામાં આવેલ છે.
- આ યોજના અંતર્ગત ખેલાડીઓને શિક્ષણની સાથે રમતની તાલીમ આપવામાં આવે છે.
- શિક્ષણ ફી, હોસ્ટેલ ફી, ભોજન ખર્ચ, સ્ટાઇપેન્ડ, સ્પોર્ટસ કીટ, રમતના સાધનો તથા નિષ્ણાંત કોચ દ્વારા તાલીમ વિગેરે ખર્ચ મળી ખેલાડી દીઠ વાર્ષિક રૂ.૧.૬૮ લાખ જેટલો ખર્ચ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના હેઠળ સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે.
- આ યોજના હેઠળ હાલ ૩૦ જિલ્લાઓમાં ૪૦ ડી.એલ.એસ.એસ. શાળાઓ કાર્યરત છે. જેમાં ૪૮૫૧ ખેલાડીઓ આ યોજનાનો લાભ લઈ રહેલ છે.
- આ યોજનાનો લાભ મેળવી રહેલ ખેલાડીઓ દ્વારા નીચે મુજબ રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરેલ છે.

| વર્ષ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૩ | ૩૬ | ૪૮ | ૧૧૭ |
| ૨૦૨૩–૨૪ | ૧૨ | ૧૮ | ૩૪ | ૬૪ |